# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સાંભળે ન કોઇ, અંદરોઅંદર પેચ લડાવે છે,
ધ્યેય વિનાના સૈન્યમાં નાહક સૈનિકો તેડાવે છે,
નવડાવે જંતર-મંતર પડાવે ગરમ વાણીથી -
નિંભર સરકારની પીઠે અન્ના લોટા ચડાવે છે

## હાઇકુ

પહેલવાન,
ને પ્રશુપ્રેમીની જ
જરૂર હતી..
(સંજયપ્રસાદ - જિલ્લા પ્રભારી)

મનાવી લીધા,
'સમિતિ' ચોકલેટે
પવાર-પપ્પુ..
(તોફાની બાળકને..)

## ચિંતન

**કચ્છ્રેણામેધ્યમધ્યે નિયમિતનુભિઃ સ્થીયતે ગર્ભગર્તે, કાન્તાવિશ્લેષ દુઃખ વ્યતિકર વિષમે યૌવને વિપ્રયોગઃ ।**
**નારીણામભ્યવજ્ઞા વિલસતિ નિયતં વૃધ્ધભાવો અપ્ય સાધુ સંસારે રે મનુષ્યા વદત યદી સુખં સ્તોકમપ્યસ્તિ કિંચિંત ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ : 'ગૃહસ્થાશ્રમ'માંથી આ શ્લોક છે :-

આ સંસાર દુખમય જ છે એમ સમજાવવાનો આ શ્લોકનો પ્રયાસ છે :

મનુષ્ય-પ્રાણીઓ જયારે ગર્ભમાં હોય છે, ત્યારે નારી જાતિનાં શરીરમાં 'ઓર'ની દિવાલોમાં જકડાઇને એ અપવિત્ર (લોહી-માંસ વગેરે વચ્ચે) ખાડામાં પડ્યો રહે છે, (બચપણ-તારૂણ્ય વિદ્યાભ્યાસના કઠિન તાપ-તપશ્ચર્યામાં રહેવું પડે છે) પછી જયારે યૌવન આવે છે, રમણી-સ્ત્રીના વિરહમાં - વિયોગમાં અને વિપરીત કષ્ટોમાં કાળ વિતાવવો પડે છે; પછી જયારે વૃધ્ધાવસ્થા આવે છે, ત્યારે ઘરની સ્ત્રીઓ (પત્ની-પુત્રવધુઓ) ના અપમાન સહન કરી વેઠવાં પડે છે, આમ જન્મથી વૃધ્ધાવસ્થા સુધીની તમામ અવસ્થામાં દુઃખ જ દુઃખ ભોગવવાનાં થાય છે, હવે તમે જ કહો, આ સંસારમાં જરા જેટલું પણ સુખ છે?!

અહીં માનવ પ્રાણીની બધી જ અવસ્થા ગર્ભ - બાલ્યાવસ્થા - યુવાવસ્થા - પ્રૌઢાવસ્થા અને વૃધ્ધાવસ્થામાં આવતી આપત્તિઓ ને યાદ કરાવી સંસારનાં દુઃખોનું વર્ણન કરે છે. આવા દુઃખમય સંસારમાં સુખની ક્ષણ ઊભી કરી લે કે ભોગવી લે એ જ સાચો સંસારી છે.

## સુવિચાર

- વ્યક્તિના વિકાસ અને પતનના પાયામાં, આશાઓ અને નિરાશાઓ જ કારણભૂત છે — **લિંકન**
- જીવનમાં નિરાશાથી મોટો બીજો કોઇ અભિશાપ નથી — **વિવેકાનંદ**
- જે બાબત સરળ અને શકય હોય છતાં નિરાશા તેને અસંભવિત કરી નાંખે છે — **જયશંકર પ્રસાદ**
- નિરાશા, નિર્બળતાની ઓળખ છે — **સ્વામી રામતીર્થ**
- અનેક નિષ્ફળતા મળ્યા પછી પણ જો ઇશ્વરમાં શ્રધ્ધા ટકી રહે તેની નજીક નિરાશા કદી જ ઢૂકતી નથી — **શ્રી અરવિંદ**
- નિરાશામાં ધીરજપૂર્વક સારા સમયની રાહ જોવી એ જ મોટું આશ્વાસન છે — **એસ. ભટ્ટાચાર્ય**
- જો નિરાશાથી બચવું હોય તો પોતાના અંહનો વિસ્તાર કરો — **લિંકન**

## બોધ કથા

વાતચીતની પધ્ધતિ હોય, ક્રમ પ્રમાણે - મુદ્દાસર વાતચીત કેમ કરવી એની આવડત હોવી જોઇએ. કોઇ ભોજન સમારંભમાંથી આવે ને તમે પૂછો શું જમી આવ્યો? ત્યારે કહે, બે ચટ્ટણી, ભાત-ભજીયાં, દાળ, પણ બાસૂંદી સૌથી છેલ્લે બોલે..

પ્રવાસમાંથી પરત આવ્યા પછી કે પ્રસંગ પૂરો કરી આવ્યા પછી પણ વાત માંડીને - ક્રમાનુસાર કરવી જોઇએ.

એક શેઠ બહારગામથી પરત આવ્યા નોકર એને પાદરમાં જ રડતો સામે મળ્યો. શેઠે પૂછ્યું, કેમ શું થયું?

નોકર કહે : આપણો ઘોડો મરી ગયો! શેઠ : કેમ! અચાનક શું થયું, ઘોડાને!

નોકર : તબેલામાં આગ લાગી, બાંધેલે હતો એમાં - શેઠ : પણ તબેલામાં આગ કેમ કરીને લાગી!

નોકર : શેઠાણીના ફોટા પાસે દીવો મૂક્યો હતો ને! શેઠ : શેઠાણીના ફોટા પાસે દીવો મૂકવાની શી જરૂર હતી?

નોકર : શેઠાણી પાછળ મારે એટલું તો કરવું પડે ને! શેઠ : પણ શેઠાણી તો હજુ જીવતાં જ છે ને! નોકર : એવું હોત તો હું દીવો શું કામ કરું? શેઠ - પણ શેઠાણી, કયારે-કેમ ગયાં?

નોકર : લૂંટારા આવ્યા હતા ને! લાખ રૂપિયા અને સોનું લઇ ગયા, એનાં આઘાતમાં..
સેઠને આંખે અંધારા આવવા લાગ્યાં

વાતની શરૂઆત કયાંથી, કેમ કરવી સાંભળનાર વ્યક્તિનો 'મૂડ' તમને સાંભળવાનો છે કે નહીં આ બધું જ વિચારી વાત નિરાંતે, પધ્ધતિસર કરવી જોઇએ.

# છાપાના સમાચારોના શિર્ષકો વાંચી સવારની બધી તાજગી ઊડી ગઇ અને મન ગંભીર વંદનાથી ભરાઇ આવ્યું

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

### સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્ય સભાની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૨૧-૭-૨૦૧૨ ને શનિવારના રોજ સવારના ૧૧ : ૦૦ વાગે સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે શ્રી દોલતભાઇ ભટ્ટના અધ્યક્ષ સ્થાને મળી. જેની શુભ શરૂઆત શબદની સંગિની દેવી સરસ્વતીની સ્તુતિ વંદનાથી કરવામાં આવી.

અધ્યક્ષશ્રી દ્વારા સર્વેને ઉષ્માભર્યા પ્રેમથી આવકારવામાં આવ્યા. શ્રી ત્રિભોવનદાસ પટેલ, લણવાવાળા તરફથી વ્યાખ્યાનાળા ગોઠવવા માટે રૂા. ૧૧ હજારના દાનની જાહેરાત કરવામાં આવી છે, તે અંગેનો આછો ખ્યાલ અધ્યક્ષ સ્થાનેથી આપવામાં આવ્યો. આ વ્યાખ્યાનમાળામાં (૧) સામાજિક અને બીજો સાહિત્યિક વિષય લઇને, કવિ શ્રી રાજેન્દ્ર શાહની જન્મ શતાબ્દીને આવરી લેવાનું નક્કી કરવામાં આવ્યું.

કારોબારી સભ્યશ્રી વિનોદચંદ્ર શાહના અવસાનથી ખાલી પડેલ જગા પર ડો. સોમાભાઇ પટેલની કારોબારી સભ્ય તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી, જેને ઉમળકાભેર આવકારી.

સાહિત્ય અકાદમી તરફથી પરિસંવાદ યોજવા માટે મળતી મદદ અન્વયે દરખાસ્ત રજૂ કરવામાં આવી છે, તેનો ચિતાર મંત્રીશ્રી નટવર હેડાઉ દ્વારા આપવામાં આવ્યો.

સ્વચ્છ અને સ્વસ્થ સમાજનું સ્થાપન થાય અને માનવ મૂલ્યોનું જે ધોવાણ થઇ રહ્યું છે તે અટકે અને સામાજિક એકરસ્તા કેળવાય અને કૌમી સંવાદિતા સ્થપાય તે અંગેનાં સાહિત્યકારોનાં દાયિત્વ તરફ અંગુલિ નિર્દેશ કરીને, સાંપ્રત સમાજની વધતી જતી સમસ્યાઓ અને વિકૃતિઓના ઉકેલ સારૂ, સાહિત્યકારોએ કલમની તાતી તેગ જેવી તાકાતને ઓળખીને, પ્રેરણાત્મક અને મનોમંથનના નવસાહિત્યનું સર્જન કરવા અધ્યક્ષસ્થાનેથી અનુરોધ કરવામાં આવ્યો. તથા

(૧) ભૃણહત્યા

(૨) દીકરીઓ ઉપર થતાં અમાનુષી બળાત્કાર અને

(૩) વૃધ્ધાશ્રમમાં મોકલતાં માબાપ.

એ વિષયો પર વિદ્યાર્થીઓનાં સંવાદ / વાર્તા હરિફાઇ વિગેરે ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું.

ગુજરાતી અને સંસ્કૃત ભાષામાં ધોરણ-૧૦ અને ૧૨ માં ગાંધીનગર શહેરના ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓમાંથી સૌથી વધુ ગુણ મેળવનાર ત્રણ ક્રમાંક સુધી આવતા વિદ્યાર્થીઓનું ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સન્માન કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું.

### કાવ્યસેતુ (ગઝલ)

**રડતા હશે લાખો...**

હવે તો આંખનો આ ચન્દ્રમાં તો થઇ જાશે ઝાંખો;
પછી રડતી હશે તારા વિરહમાં વ્હાલની આંખો.
કરે છે પુત્રનાં ખોટા વખાણો માવતર થઇને;
હળાહળ આ કલિકામાં અહિ ધૃતરાષ્ટ્ર છે લાખો.
હવે તો વ્હાલના દરિયાને પાસે વ્હાલથી રાખો;
ઊડી એક દિન જશે કે જયારે આવશે પાંખો
તમે તો રંગ મહેલોમાં રહિને છોને આળોટો;
કદિ તો રાંકની ઝૂંપડી જઇને સ્વાદ તો ચાખો.
જીવનમાં શ્વાસ ચાલ્યો ત્યાં સુધી આંસુ પડાવ્યાં'તા;
નનામી કાઢશે ત્યારે અહિં રડતા હશે લાખો.

**- મહેન્દ્રભાઇ રાઠોડ**

**(ગઝલ)**

એમ કયાં કોઇ ખોટું રડતું હોય છે.
છાના કર્મોથી જ બળતું હોય છે...
ફૂલ-અત્તર એમ તો પ્રસરી જતાં
મૌન - ટહૂકે કોઇક મળતું હોય છે...
ને બધે બસ, છપકપટ હોય હો યે છતાં
સત્ય સાથે કોણ ભળતું હોય છે? ...
આમ તો ઘટના બને એક વારતા
કોણ લખવાને તડપતું હોય ને? ...
છેવટે તો આવજો કહેવા 'નયન'
શ્વાસ સાથે શું નીકળતું હોય છે? ...

**- ભરત પાઠક 'નયન'**

### લઘુકથા સેતુ

**શપથ** — **નટવર હેડાઉ**

છાપાના સમાચારોના શિર્ષકો વાંચી સવારની બધી તાજગી ઊડી ગઇ અને મન ગંભીર વંદનાથી ભરાઇ આવ્યું. રાજયના એક છેવાડાના વિસ્તારમાં જમીનના કબ્જા માટે કોઇ બદમાશોએ એક આદિવાસી મજૂર અને તેના દીકરાને લાકડીઓથી ઝૂડીને ઘાયલ કરી દીધા હતા. આ અત્યાચારની વ્યથા લઇને આદિવાસી મજૂરની યુવાન દીકરી પોલીસ થાણે પહોંચી અને ગામના એ બદમાશો વિરૂધ્ધમાં ફરિયાદ દાખલ કરવા વિનવણી કરવા લાગી. કેસની તપાસના બહાના હેઠળ છોકરીને મોડી રાત સુધી થાણાં રોકી રાખવામાં આવી. રાતના અંધકારમાં નરાધમોએ એ માસૂમ છોકરી પર સામૂહિક બળાત્કાર કર્યો અને સવારે તેને ભગાડી મુકી.

ગુસ્સા અને આઘાતથી મેં છાપું એક તરફ ફેંક્યું અને બેઠક રૂમમાં જઇ ટી.વી. ચાલુ કર્યું. તેના પર પોલીસમાં ભર્તી થયેલાં નવ યુવાનોને દેશના કાનૂન અને વ્યવસ્થાનું પાલન અને જનતાના હિતના રક્ષણના શપથ લેવડાવામાં આવતા હતા તેનું જીવન પ્રસારણ ચાલી રહ્યું હતું.

### હાસ્ય-તરંગ સેતુ

**દાંત કાઢવાથી બોખા ન થવાય !**

**- અશ્વિનકુમાર એસ. પટેલ**

સલમાન ખાન : એક દિવસ ભગવાન મને પ્રસન્ન થયા અને વર માગવા કહ્યું.

અમીર ખાન : તો તેં શું માગ્યું?

સલમાન ખાન : મેં ભગવાનને કહ્યું મને વર નહીં કન્યા જોઇએ છે.

● ● ●

હર્ષાબેન : ગોળમટોળનું અંગ્રેજી શું થાય?

ચંદુભાઇ : ઓલરાઉન્ડર.

● ● ●

ક્રિષ્ના : કઇ કેરીને ઘરે લઇ જવા માટે રીક્ષા કરવી પડે?

ધ્રુવિક : લંગડો કેરી.

# હંમેશાં વ્યક્તિએ સાચું છે - સારું છે - ઉપયોગી છે, તેને ગ્રહણ કરવું અને, ખોટું - ખરાબ હોય તેને ત્યજવું જોઇએ એનો મતલબ એ કે શ્રેષ્ઠત્તમ - ઉત્તમની આરાધના કરવી અને કનિષ્ઠને ફેંકી દેવું

## લાગણીનો મેળો

**- રસિક વાળંદ 'નિર્ઝર'**

આપણી આસપાસ સીધા-સાદા, શાંત-સરળ, ભલા-ભોલા, કોઇનેય ન નડે એવા - આવા વિશેષણો છૂટથી જેમને માટે વાપરી શકીએ એવા વ્યક્તિઓ જોવા મળે છે! આ લોકો એવી રીતે જીવવા હોય કે જગતના એક ખૂણે સાવ એકલરામ બનીને જિંદગી ખેંચી કાઢવાની ન હોય! જિંદગી એ "બૌજ" નથી એક "મૌજ" છે. સ્વસ્થ ચિત્તે વિચારીએ તો આપણએ સૌ વિરાટ વિશ્વ મેળાના મહાસાસમાં જોડાયેલાં છીએ. એમાં આપણો પગ ગમે તેમ પડે એ કેમ ચાલે? વાગતાં વાજિંત્રોની સાથે તાલમેલ સાધવો પડે એમાં બે-તાલ રહીએ તો કેમ ચાલે? સૌ સાથે તાલમેલ સાધીએ તો આ જ આ વિશ્વમેળામાં વિહરવાનો - ભમવાનો આનંદ આવે.

સુખ-વૈભવ, સ્વાસ્થ્ય અને આપણુ સમગ્ર જીવન ચોક્કસ નિયમાધિન છે. જીવન શી રીતે જીવવું, એનો શ્રેષ્ઠતમ ઉપયોગ કેમ કરવો. આ માટે સમાન થઇ વિચારવું પડે, નિરાશાવાદી નકારાત્મક કે હકારાત્મક - રચનાત્મક જેવા વિચાર કરીએ એવો ઘાટ ઘડાય, વિચારોનાં ઘડવૈયા આપણે પોતે જ છીએ. બધા જ લોકો મહાપુરૂષો કે સંતો બને એવું કહેતો નથી... એ જરૂરી પણ નથી કે શક્ય પણ નથી. પરંતુ મહામાનવોમાં જે કંઇ પ્રશંસાયોગ્ય જણાયું તેને શક્ય હોય ત્યાં સુધી અનુસરવાનો પ્રયાસ તો કરી શકાય ને?! જયાં છીએ ત્યાંથી એક ડગલું પણ આગળ વધવું કે જયાં છીએ ત્યાં જ પડયા રહેવું એ વ્યક્તિએ પોતે જ વિચારવું રહ્યું. હંમેશાં વ્યક્તિએ સાચું છે - સારું છે - ઉપયોગી છે. તેને ગ્રહણ કરવું અને ખોટું - ખરાબ હોય તેને ત્યજવું જોઇએ એનો મતલબ એ કે શ્રેષ્ઠત્તમ - ઉત્તમની આરાધના કરવી અને કનિષ્ઠને ફેંકી દેવું. આવો સારાસારનો એટલે કે નીરક્ષીર વિવેક જાગી જાય તો વિશ્વ માટે કંઇક ઉપયોગી થઇ શકાય! જીવન સફળ કરી શકાય... જો કે વ્યવહારની વાસ્તવિક ભૂમિ પર ઊભા રહી આદર્શોના આભાને આંબવાનું દુષ્કર છે, છતાં પ્રત્યાઘાતી બળો સામે અડગ આત્મ શ્રધ્ધાથી ઊભો રહેનાર અણજાણ ભાવિની ગમે તેટલી ગૂંચવણો વચ્ચે પર પૂરી તાકાતથી પોતાનો માર્ગ કાઢી શકે છે. કોઇક ચિંતકે કહ્યું છે તેમ, "શિખરની કેડીઓ કે ખીણોના લપસણા માર્ગ દરેક માનવીની સામે તેની પોતાની ઇચ્છાથી જ ઊઘડતા હોય છએ. કયે રસ્તે જવું એ માણસે જાતે જ નક્કી કરવાનું હોય છે."

દોસ્તો, તમે બેકાંઠે ગાંડીતૂર વહેતી નદીના પૂરને જોયું છે? પોતાના માર્ગમાં આવતી કોઇ પણ વસ્તુને મૂળમાંથી ઉખાડીને એ પોતાની સાથે ખેંચી જાય છે. યુવા હૈયામાં ઉત્સાહનો ધોધ આવો હોવો જોઇએ. એક વિદેશી વાર્તાનાં ભાવાનુવાદનું ઝાંખુ સ્મરણ છે, જેમાં એક અપંગ છોકરાની વાત આવે છે. લકવાગ્રસ્ત આ છોકરો કદીયે નહિ ચાલે શકે એમ બધા જ દાક્તરો એ જાહેર કરેલું ને સૌએ સ્વીકારી લીધેલું પણ એ છોકરો ને એના દાદા આ કઠોર સત્ય સ્વીકારવા માટે તૈયાર નહોતા. શિયાળો હોવાથી એને સનત પથારીવશ રહેવું પડતું. દાદા એને સવાર - સાંજ કહ્યા કરતા; "આ શિયાળો જશે, બરફ ઓગળશે, ધરતીનાં પડ ખુલ્લા થશે, એના પેટાળમાં પોઢેલાં બીજ પાંગરશે, મેદાનોમાં હરિયાળી પથરાશે, પાણીનાં ઝરણાં વહેશે, હૂંફાળો સૂરજ તપશે, ફૂલડાં ખીલી ઊઠશે ને એવાં સુંદર વાતાવરણમાં આપણે બે જણાં દૂ... ર... દૂર... ફરવા જઇશું."

દાદાની પ્રેરણા અને ઉત્સાહ ભરી ભવિષ્યવાણી પેલો કિશોર અંતરમાં ઊતારતો જતો. એક દિવસ વાદળ વિખરાયાં, સૂરજ તપવા લાગ્યો, બાળકો નાચવા લાગ્યા, વાતાવરણ બદલાઇ ગયું. દાદા કહે, 'ચાલ આપણે ફરવા જઇએ, તારી ટોપી કયાં છે?' 'ઓશિકે જ છે' કિશોરે જવાબ આપ્યો, ને ટોપી પહેરીને દાદાની સાથે એણે તો ચાલવા માંડ્યું! ઉત્સાહ અને આશાવાદ એવો હૈયામાં ધરબી રાખ્યો હતો કે ફરવા જવા માટે એણે ઓશિકે ટોપી તૈયાર જ રાખી હતી એ પોતે પણ તૈયાર જ હતો.

દોસ્તો! આ છોકરાએ દીર્ઘકાલ શ્રધ્ધાનું સેવન કરી હૈયું સાબદું રાખી પ્રેરણાની અમૃતધારા ઝીલી જેને કારણે ખુદ ઇશ્વરીય શક્તિએ નવ સંચાર કરી "અશક્ય" ભાવિને ટટ્ટાર ચાલતું કર્યું!! આપણા જીવનમાં પણ આવો ચમત્કાર સર્જી શકે છે... જો સફળતા સાંપડે તો "હરિ કૃપા" ને નિષ્ફળતા મળે તો "હરિ ઇચ્છા" માનજો...!!

**- : સ્પર્શમણિ : -**

ઇશ્વર પછી તુરત સ્વચ્છતાનું સ્થાન છે. એમ કહીએ તો ખોટું નથી. ઇશ્વર અને સ્વચ્છતા બંને સમકક્ષ છે. આપણે કોઇ પવિત્ર સ્થાનમાં જઇએ ત્યારે શરીર અને મન બંનેથી સ્વચ્છ થવું પડે છે ને! તો જ ઇશ્વર અને આપણી વચ્ચે ઐક્ય સાધી શકાય છે. તમે કોઇ પણ કામ શરૂ કર્યો ત્યારે પ્રથમ સ્વચ્છતાનો આગ્રહ રાખોને એથી આપોઆપ જ તમારી અને તમારા કામ વચ્ચે ઐકય સધાશે.

# જીવનની એક કડવી વાસ્તવિકતા છે કે માનવી ગમે તેવો કઠણ કાળજાનો હોય, મક્કમ મનોબળ વાળો હોય પણ જીવનના અસ્તાચળે એની જીવનસંગિનીનો સાથ ગુમાવી દે ત્યાર પછી એની જિંદગીમાંથી વર્ષોની બાદબાકી ઝડપથી થવા માંડે છે

## ચિંતન સભા

**- પોપટલાલ પ્રજાપતિ**

### એક વિધુરની વેદનાને કોણ સમજી શકે?...

સરીતાને સમંદરને કિનારો જરૂરી છે

જિગરને, જીંદગાનીને સહારાઓ જરૂરી છે

પતિ-પત્ની એ જીવન - રથના બે પૈડાં છે. પણ આ બે પૈડાં સરખાં ચાલે ત્યાં સુધી એક પૈડાંને બીજાની અનિવાર્યતા સમજાતી નથી. માટે જ છગનભાઇ (નામ બદલેલ છે.) પોતાની પત્નીને કાયમ માટે કોઇ પણ જાતના કારણ વિના બસ ધમકાવ્યા જ કરે, વાત વાતમાં છણકા. પત્નીનું સ્વમાન ઘવાય તે રીતે બધાની વચ્ચે તેનું અપમાન કરી નાખે, પણ સવિતાબેન (નામ બદલેલ છે.) એવા ભોળાં કે પતિની દરેક વાતને હસી કાઢે, કદિયે ખોટું ન લગાડે. તેમને તો એટલી જ સમજણ કે મારો માણસ છે, બે શબ્દો કહે પણ ખરો, એનું ખોટું થોડું લગાડાય? પણ છગનભાઇ કેવી માટીમાંથી ઘડાયા હશે કોણ જાણે, સાવ ગરમ સ્વભાવ. કયારે ગુસ્સે થાય તે કહેવાય નહિ.

વાતમાં કંઇ દમ ના હોય તોય... સવિતાબેનનો ઉધડો લઇ નાખે. જો કે તેમણે પત્ની પર કદી હાથ નહોતો ઉપાડ્યો. પોતે શિક્ષક હતા એટલે કદાચ આટલી સમજણ આવી હોય... એક વાર સવિતાબેનનો બાથરૂમમાં પગ લપસ્યો અને પગે ફ્રેંકચર થયું. છગનભાઇને તો ટાઇમ જ નહિ. તેમણે દીકરાને હુકમ કર્યો. તારી મમ્મીને સારા દવાખાનામાં દાખલ કરી આવ. તેની બરાબર સંભાળ રાખજો... આટલી તો લાગણી ખરી. બસ પછી તો સવિતાબેનની તબિયત બગડતી ગઇ... અને બિમારીમાં પણ તેમણે પતિ તરફથી કદી આશ્વાસન તો નહિ જ... અને એક દિવસ સવિતાબેનથી પતિને કહેવાઇ ગયું. "હું નહિ હોઉં ત્યારે તમને ખબર પડશે..." અને એ દિવસને આવતાં વાર ન લાગી. સવિતાબેનનું આકસ્મિક અવસાન થયું અને... સવિતાબેનને "અખંડ સૌભાગ્યવતી ભવ" ના કોઇનાં આશીર્વાદ ફળ્યા... છગનભાઇ વિધુર બન્યા... દિવસો પસાર થવા લાગ્યા.

માસ્તરનો હજુ એજ મિજાજ... એજ સ્વભાવ... પણ હવે પત્ની ન હતી કે સહન કરી લે... વહુઓએ રોકડું પરખાવ્યું. આ રીતે અમારા ઘેર નહિ ફાવે... મોટા દીકરાની વહુએ કહ્યું. નાનાને ત્યાં જાવ. નાનાની વહુ કહે ના, અમારે ત્યાં ન ફાવે. દુકાનમાં પડ્યા રે'જો અને ટાઇમ થાય ત્યારે જમવા આવી જજો. બીજી કોઇ કચકચ ન જોઇએ. અને છગનભાઇ માસ્તર એકાંતમાં ઘરની ચાર દીવાલો વચ્ચે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા... પત્નીની યાદ આવી, "એણે મને કહેલું કે હું નહિ હોઉં ત્યારે તમને ખબર પડશે"... એક પતિ જિંદગીના ઉત્તરાર્ધમાં વિધુર બને તો એની જિંદગી કેવી ઓશિયાળી બની જાય છે તેનો પ્રથમ વાર અનુભવ છગનભાઇને થયો. સિંહ જેવી છાતી રાખીને ફરતાં છગનભાઇ બિચારા ને બાપડા બનતા ગયા. જિંદગીની એકલતા એમને ડરામણી લાગવા માંડી. મનમાં ઉદ્વેગ છે, હૈયા ઉકળાટ છે, દિલની વેદના વ્યક્ત કરવી છે... ઘરનાં કયા ખુણે દિલાસો મળે? કોના આગળ હૈયું હળવું કરવું? આંસુ સારવા માટે પણ કોઇનો ખભો તો જોઇએ ને? ટપકતાં આંસુને લૂછવા કોઇને ટેરવાં તો જોઇએ?


જિંદગીની સાથીદાર તો અધવચ્ચે અલવિદા કરી ગઇ. દામ્પત્યજીવન એટલે શું અને પત્નને અર્ધાંગિની કેમ કહેવાતી હશે, આ બધું હવે છગનભાઇને સમજાવા લાગ્યું. જીવનની એક કડવી વાસ્તવિકતા છે કે માનવી ગમે તેવો કઠણ કાળજાનો હોય, મક્કમ મનોબળ વાળો હોય પણ જીવનના અસ્તાચળે એની જીવનસંગિનીનો સાથ ગુમાવી દે ત્યાર પછી એની જિંદગીમાંથી વર્ષોની બાદબાકી ઝડપથી થવા માંડે છે. એ જીવતો રહે છે એટલા માટે કે એના શ્વાસ હજુ ધબકે છે. પ્રાણ વગરનું ખોળિયું અને ચેતના વગરનું શરીર. લાગણી અને સંવેદના માપવાના થર્મોમીટર શોધાયા હોય તો એનો પારો એક ડીગ્રી પણ ઉપર ચઢવાનું નામ ન લે. એક સ્ત્રી પાછલી ઉંમરે વિધવા બને તો પરિવારમાં હળીમળી એનું આયખું હેમખેમ પુરું કરી નાંખે પણ એક પુરૂષ વિધુર બને પછી તે જન્મકુંડળીમાં એ જ જોયા કરે કે હવે મારા આયુષ્યને પૂરું થવામાં કેટલા વર્ષો ખૂટે છે? ખુબ દોહ્યલી બની જાય છે વિધુરની જિંદગી. છગનભાઇને હવે સમજાયું કે જિંદગીમાં પત્નીનું શું મહત્ત્વ છે. મેં મારી પત્નિને સદાય તિરસ્કાર જ આપ્યો છે. દામ્પત્ય જીવનને હું પ્રસન્ન કરી શક્યો નહિ. એના પ્રેમનો સદાય અનાદર જ કરતો રહ્યો, પણ હવે પસ્તાવાથી શું વળે? કારણ કે દાંપત્યજીવનની પરીક્ષામાં નાપાસ થનારને ફરી ટ્રાયલ ના ચાન્સ મળતા નથી. બિત ગઇ તો બિત ગઇ... અબ પસ્તાયે કયા હોત હૈ, જબ ચિડિયા ચુગ ગઇ ખેત... આ સંસારમાં એવા કેટલાં છગનભાઇ હશે જેણે પોતાની સવિતાને હંમેશાં વેદનાઓ જ આપી હોય. દાંપત્યજીવનનો આનંદ કદિ માણ્યો ન હોય... જે વ્યક્તિ પોતાના હૃદયના કોરા પાના પર પત્નીની હયાતિના હસ્તાક્ષર મેળવી શક્યો નથી તે પત્નીના વિયોગમાં સુખ મેળવવાની કલ્પના કરે તે વ્યર્થ છે...

**(આ સત્ય ઘટના એક નિવૃત્ત શિક્ષકની છે)**

## આજના દિવસનો મહિમા


**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૨૮મી જુલાઇ



● કેળવણીકાર ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરની પુણ્યતિથિ. શિક્ષણ - સાહિત્ય સમાજ સુધારણાને ક્ષેત્રે મોટું પ્રદાન કરનારા આ સુધારક્નું અવસાન ૨૮-૭-૧૮૯૧ થયું.

● અખબારી સ્વાતંત્ર્ય માટે ઝઝૂમનારા પીટર ઝગરનું ન્યુયોર્કમાં



અવસાન - ૧૭૬૬.

● જાણીતા ભાષાશાસ્ત્રી, પ્રાચીન કાવ્ય તથા અભ્યાસી વિદ્વાન પદ્મ શ્રી કે. કા. શાસ્ત્રીજીનો જન્મ. ૧૯૦૫.

● પર્યાવરણને પ્રદૂષિત કરતાં સલ્ફર ડાયોકસાઇડ, હાઇડ્રોજન સલ્ફાઇડ અને પીવાનાં પરીક્ષણ માટેની ખાસ કિટ બનાવનાર પર્યાવરવિદ ડો. એચ.એમ. ખોપરનો જન્મ - ૧૯૩૧. આ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પુરસ્કાર મળ્યા. કેનેડાની યુનિવર્સિટીમાં વિઝીટીંગ પ્રોફેસર તરીકે ખ્યાતિ મેળવી.